**સંકલનમાં ધારાસભ્યોએ કેચ ધ રેઈનની નિષ્ફળતા મુદ્દે પસ્તાળ પાડી**

# સાયણમાં હેતુફેર મુદ્દે ધારાસભ્ય મુકેશ પટેલની ઉગ્ર રજૂઆત

**સાયણના** બ્લોક નં. ૫૭૨માં રેસિડેન્શિયલ જમીન પર કોમર્શિયલ બાંધકામ કરી દેવાયું છે

સુરતઃ ઓલપાડ તાલુકાના સાયણ ગામમાં સુડા સમાવિષ્ટ વિસ્તારની રે.સર્વે નં./બ્લોક નં. ૫૭૨ની જમીનના ઉપયોગને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલે આજે જિલ્લા સંકલનની બેઠકમાં આ મુદ્દો ઉઠાવી બેઠકમાં અધિકારીઓને આડે હાથે લીધા હતા. રેસિડેન્શિયલ હેતુ માટે બિનખેતી થયેલી જમીન પર કોમર્શિયલ બાંધકામ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે તેમણે જવાબદાર તંત્રની કામગીરી સામે સવાલો કર્યા હતા. સંકલનમાં અન્ય ધારાસભ્યો દ્વારા પણ વિવિધ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી.

મળેલી રજૂઆતનો હવાલો આપતા ધારાસભ્ય મુકેશ પટેલએ પ્રશ્ન કર્યો હતો કે સાયણ ગામની આ જમીન કયા હેતુ માટે બિનખેતી કરવામાં આવી છે. જો જમીન રેસિડેન્શિયલ હેતુ માટે બિનખેતી કરવામાં આવી હોય અને તેના પર કોમર્શિયલ બાંધકામ થયું હોય તો બિનખેતીના મંજૂર હેતુનો સ્પષ્ટ ભંગ થયો હોવાનું જણાય છે. આવી સ્થિતિમાં શરતભંગની કાર્યવાહી અત્યાર સુધી કેમ કરવામાં આવી નથી, તે અંગે તેમણે તંત્ર પાસે જવાબ માંગ્યો હતો. ધારાસભ્યએ અધિકારીઓને સીધો સવાલ કર્યો હતો કે જો રેસિડેન્શિયલ હેતુ માટે બિનખેતી કરાયેલી જમીન પર કોમર્શિયલ બાંધકામ કરવામાં આવ્યું હોય તો આવા બાંધકામ સામે કાર્યવાહી કરવામાં આવશે કે નહીં? જો બાંધકામ દૂર કરવાની કાર્યવાહી કરવાની હોય તો ક્યારે કરવામાં આવશે તેની સ્પષ્ટ સમયમર્યાદા પણ જાહેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આ મુદ્દે માત્ર કાગળ પર તપાસ પૂરતી ન રાખી જમીનનો વાસ્તવિક ઉપયોગ, મંજૂર બિનખેતી હેતુ અને થયેલા બાંધકામની કાયદેસરતા અંગે સ્થળ તપાસ કરી જવાબદારી નક્કી કરવાની જરૂરિયાત પણ ઊભી થઈ છે.

બોર માટે સિંચાઈ વિભાગની ત્રણ અલગ-અલગ ટીમો દ્વારા તમામ 39 બોરની સ્થળ પર તપાસ કરવામાં આવશે. તપાસ દરમિયાન બોરની સ્થિતિ, તેની ટેકનિકલ રચના તેમજ વરસાદી પાણી જમીનમાં નહીં ઉતરવાના કારણોની ચકાસણી કરવામાં આવશે. કલેક્ટરએ આગામી મહિનામાં મળનારી જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં તમામ 39 બોરના તપાસ અહેવાલ રજૂ કરવા પણ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે.

### રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે એક જ વૈજ્ઞાનિક ડિઝાઈનનો આગ્રહ

રેઈન વોટર હાર્વેસ્ટિંગ સ્કીમના અમલ અંગે પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. સુરત મહાનગરપાલિકા, નગરપાલિકા, સુડા, ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત દ્વારા અલગ-અલગ ડિઝાઈન આપવામાં આવે છે ત્યારે સિંચાઈ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલી વૈજ્ઞાનિક ડિઝાઈનને જ માન્ય ગણવાની રજૂઆત કરવામાં આવી હતી. સિંચાઈ વિભાગની ડિઝાઈન વૈજ્ઞાનિક માપદંડોના આધારે તૈયાર કરવામાં આવી હોવાથી વરસાદી પાણીના યોગ્ય સંગ્રહ અને ભૂગર્ભ જળસ્તર વધારવા માટે તેનો જ અમલ કરવો જોઈએ તેવી માંગ સાથે આ મુદ્દો બેઠકમાં ઉઠાવવામાં આવ્યો હતો.

### જળસંચયના 39 બોરમાં પાણી જમીનમાં નહીં ઉતરતા અરવિંદ રાણાની ફરિયાદ

ધારાસભ્ય અરવિંદ રાણાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, જળસંચયની ગ્રાન્ટ અંતર્ગત આશરે 39 જેટલા બોર બનાવવામાં આવ્યા હોવા છતાં તેમાં વરસાદી પાણી જમીનમાં ઉતરતું નથી, જેના કારણે જળસંચયના હેતુની અસરકારક સિદ્ધિ અંગે પ્રશ્નો ઊભા થયા છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈ કલેક્ટરએ રાજ્ય સરકારના સિંચાઈ વિભાગને સમગ્ર મામલે જરૂરી તપાસ અને ટેકનિકલ સર્વે હાથ ધરવા સૂચના આપી હતી. આ માટે સિંચાઈ વિભાગની ત્રણ અલગ-અલગ ટીમો દ્વારા તમામ 39 બોરની સ્થળ પર તપાસ કરવામાં આવશે. તપાસ દરમિયાન બોરની સ્થિતિ, તેની ટેકનિકલ રચના તેમજ વરસાદી પાણી જમીનમાં નહીં ઉતરવાના કારણોની ચકાસણી કરવામાં આવશે. કલેક્ટરએ આગામી મહિનામાં મળનારી જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં તમામ 39 બોરના તપાસ અહેવાલ રજૂ કરવા પણ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે.

### માંસાહારી દુકાનોના વેસ્ટેજથી કરંજ ડિસ્ટ્રિક્ટમાં ગંદકી અને સાયફન બ્લોકેજનો આક્ષેપ

બ્લોક નં. ૫૭૨ને લગતો બીજો ગંભીર મુદ્દો પણ બેઠકમાં ઉઠાવવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં આવેલી માંસાહારી દુકાનો દ્વારા ઉત્પન્ન થતો વેસ્ટેજ અને ખરાબ કચરો કરંજ ડિસ્ટ્રિક્ટ વિસ્તારમાં નાખવામાં આવતો હોવાની રજૂઆત ધારાસભ્ય સમક્ષ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. આ કચરાના કારણે કરંજ ડિસ્ટ્રિક્ટના સાયફનમાં બ્લોકેજ સર્જાતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિણામે ગંદકી, ગટર વ્યવસ્થામાં અવરોધ અને સ્થાનિક પર્યાવરણ સામે પણ ગંભીર સમસ્યા ઊભી થતી હોવાની ફરિયાદ છે. માંસાહારી વેસ્ટેજના અયોગ્ય નિકાલને કારણે વિસ્તારમાં અતિશય દુર્ગંધ ફેલાતી હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે. આવી સ્થિતિમાં આસપાસના રહેવાસીઓના આરોગ્ય પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

# ગણપતિ ઉત્સવ : કોંકણ માટે વધારાની સ્પેશિયલ ટ્રેનો દોડશે

**વડોદરા**, વિશ્વામિત્રી, ઉધના, વલસાડ સહિત 8 રૂટ પર વધારાના ફેરા, બુકિંગ 15 ઓગસ્ટથી શરૂ

સુરત : ગણપતિ મહોત્સવ 2026 દરમિયાન મુસાફરોની વધતી ભીડને પહોંચી વળવા પશ્ચિમ રેલવેએ વિવિધ ગણપતિ સ્પેશિયલ ટ્રેનોના વધારાના ફેરા દોડાવવાની જાહેરાત કરી છે. રેલવેએ જણાવ્યું કે ટ્રેન નં. 09013, 09019, 09030, 09022, 09114, 09110 અને 09124 ના વધારાના ફેરાનું બુકિંગ 15 ઓગસ્ટ 2026 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે. તમામ ટ્રેનો વિશેષ ભાડા પર દોડશે. આ નિર્ણયથી ગુજરાત અને મુંબઈના મુસાફરોને ગણપતિ ઉત્સવમાં કોંકણ જવા માટે મોટી રાહત મળશે.

### વધારાના ફેરાનું સમયપત્રક

» ટ્રેન નં. 09013 મુંબઈ સેન્ટ્રલ - થોકુર સ્પેશિયલ: 8 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09014 થોકુર - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ: 9 સપ્ટેમ્બર 2026 » ટ્રેન નં. 09019 મુંબઈ સેન્ટ્રલ - સાવંતવાડી રોડ સ્પેશિયલ: 9 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09020 સાવંતવાડી રોડ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ: 10 સપ્ટેમ્બર 2026 » ટ્રેન નં. 09035 બાંદ્રા ટર્મિનસ - રત્નાગિરી અનારક્ષિત સ્પેશિયલ: 10 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09036 રત્નાગિરી » બાંદ્રા ટર્મિનસ અનારક્ષિત સ્પેશિયલ: 11 સપ્ટેમ્બર 2026 » ટ્રેન નં. 09030 વલસાડ - રત્નાગિરી સ્પેશિયલ: 7 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09029 રત્નાગિરી - વલસાડ સ્પેશિયલ: 8 સપ્ટેમ્બર 2026 » ટ્રેન નં. 09022 ઉધના - રત્નાગિરી સ્પેશિયલ: 10 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09021 રત્નાગિરી - ઉધના સ્પેશિયલ: 10 સપ્ટેમ્બર 2026 » ટ્રેન નં. 09114 વડોદરા - રત્નાગિરી સ્પેશિયલ: 8 અને 22 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09113 રત્નાગિરી - વડોદરા સ્પેશિયલ: 9 અને 23 સપ્ટેમ્બર 2026 » ટ્રેન નં. 09110 વિશ્વામિત્રી - રત્નાગિરી સ્પેશિયલ : 9 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09109 રત્નાગિરી - વિશ્વામિત્રી સ્પેશિયલ: 10 સપ્ટેમ્બર 2026 » ટ્રેન નં. 09124 વિશ્વામિત્રી - રત્નાગિરી સ્પેશિયલ: 7 સપ્ટેમ્બર 2026 અને ટ્રેન નં. 09123 રત્નાગિરી - વિશ્વામિત્રી સ્પેશિયલ: 7 સપ્ટેમ્બર 2026

**૩૬૦ શાળાએ અરજી સુધારી પણ નહીં**

# સુરતની ખાનગી શાળાઓમાં ફી મંજૂરીની પ્રક્રિયા હજુ અધૂરી

સુરતઃ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ શરૂ થયાને બે મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં સુરતની ખાનગી શાળાઓમાં ફી મંજૂરીની પ્રક્રિયા હજુ અધૂરી છે. સંચાલકોની બેદરકારીને કારણે કુલ ૪૪૮ શાળાઓની ફી મંજૂરીની કાર્યવાહી પૂર્ણ થઈ શકી નથી.

ફી સંબંધિત અરજીઓની ચકાસણી દરમિયાન ૩૬૦ શાળાઓની અરજીઓમાં ખામી અથવા જરૂરી વિગતો અધૂરી જણાતાં FRC દ્વારા અરજીઓ રિવર્ટ કરવામાં આવી હતી. મહત્વનું એ છે કે ચકાસણી દરમિયાન અધિકારીઓ દ્વારા ખામી દર્શાવીને જરૂરી સુધારા કરવા શાળાઓને ટકોર કરવામાં આવી હતી. તેમ છતાં અનેક શાળાઓએ સમયસર સુધારો કરીને અરજી ફરી સબમિટ કરવાની તસ્દી લીધી નથી.

કેટલીક શાળાઓએ જરૂરી પરમિશન લેટર અધૂરું અપલોડ કર્યું હોવાનું પણ સામે આવ્યું છે. FRC દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શાળાને ધોરણ ૧થી ૧૦ સુધીની મંજૂરી આપવામાં આવી હોય અને સંચાલક દ્વારા માત્ર ધોરણ ૧થી ૫ સુધીનો દસ્તાવેજ અપલોડ કરવામાં આવે તો તે માન્ય ગણાશે નહીં.

# દક્ષિણ ગુજરાતનો પારસી સમાજ આજે નવરોઝની ઉજવણી કરશે

**શુક્રવારે** પતેતી સાથે જૂના વર્ષની વિદાય, નવરોઝે નવા વર્ષનું સ્વાગત,અગિયારીઓમાં જશન અને પારસી પરંપરાગત વાનગીઓની મહેક

સુરતઃ શાહેનશાહી કેલેન્ડર મુજબ પારસી સમાજનું નવું વર્ષ નવરોઝ મુબારક આ વર્ષે તા. 15 ઓગસ્ટ, શનિવારના રોજ ઉજવાશે. નવરોઝની પૂર્વસંધ્યાએ એટલે કે તા. 14 ઓગસ્ટે પતેતીના દિવસે પારસી સમાજના લોકો પાછલા વર્ષ દરમિયાન થયેલી ભૂલો અને અયોગ્ય કાર્યો માટે પશ્ચાત્તાપ કરી આત્મમંથન કરે છે અને નવા વર્ષનું સ્વાગત કરવા માટે ઘરો તથા મનને શુદ્ધ કરવાની પરંપરા નિભાવે છે.

સુરત પારસી પંચાયતના ટ્રસ્ટી માલ્કમ પંડોળે જણાવ્યું હતું કે, સુરતમાં આ વર્ષે 15 ઓગસ્ટે પારસી નવરોઝની ઉજવણી પરંપરાગત ધાર્મિક વિધિઓ અને ઉત્સાહભેર કરવામાં આવશે. ‘નવરોઝ’ શબ્દનો અર્થ ‘નવ’ એટલે નવું અને ‘રોઝ’ એટલે દિવસ એવો થાય છે. એટલે કે નવરોઝ નવા દિવસ અને નવા વર્ષની શરૂઆતનું પ્રતીક છે.

નવરોઝના દિવસે પારસી પરિવારો વહેલી સવારે ઊઠીને પવિત્ર સ્નાન કરી નવા અને પરંપરાગત વસ્ત્રો ધારણ કરે છે. પુરુષો દગલી એટલે કે સફેદ કોટ તથા ફેંટો પહેરે છે, જ્યારે મહિલાઓ પરંપરાગત ગારા સાડી ધારણ કરે છે. ત્યારબાદ પરિવારજનો અગિયારીમાં જઈ પવિત્ર અગ્નિના દર્શન કરી પ્રાર્થના કરે છે.

સુરતની ઐતિહાસિક અગિયારીઓ, ખાસ કરીને નાનપુરા આતશ બહેરામ ખાતે નવરોઝ નિમિત્તે વિશેષ ‘જશન’ યોજાય છે. પારસી સમાજમાં પવિત્ર અગ્નિ સમક્ષ ચંદનનું લાકડું અર્પણ કરવાની પણ પરંપરા છે. પરિવારના સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવે છે.

### રવો, પાત્રાની મચ્છીથી સલી બોતી સુધીની પારસી વાનગીઓ

પારસી સંસ્કૃતિમાં ભોજનને તહેવારનો અભિન્ન હિસ્સો માનવામાં આવે છે. નવરોઝના દિવસે ઘરોમાં વિશેષ પારસી મેનૂ તૈયાર થાય છે. સવારના નાસ્તામાં રવો (સેવ-રવો) અને દહીં, બદામ-પિસ્તાથી ભરપૂર મીઠો રવો પીરસવામાં આવે છે. બપોરના ભોજનમાં પાત્રાની મચ્છી અને ધાનશાક, જ્યારે સાંજની મિજબાનીમાં સલી બોતી, કિડ ગોશ્ત અને લગ્નનું કસ્ટર્ડ જેવી પારસી વાનગીઓની વિશેષ મહેક જોવા મળે છે. મહેમાનોના સ્વાગત માટે ગુલાબની સુગંધવાળો ફાલુદો અને અન્ય પરંપરાગત પીણાં પણ પીરસવામાં આવે છે.

### પારસીવાડ, નાનપુરા અને સૈયદપુરામાં પરંપરાનો રંગ

સુરતના પારસી સમાજમાં નવરોઝની ઉજવણીનો અલગ જ રંગ જોવા મળે છે. પારસીવાડ, નાનપુરા અને સૈયદપુરા સહિતના વિસ્તારોમાં ઘરોની સજાવટ, ધાર્મિક વિધિઓ, પરિવારજનોની મુલાકાત અને પરંપરાગત ભોજન સાથે પર્વની ઉજવણી થાય છે. પેઢીઓથી ચાલી આવતી પરંપરાઓને નવી પેઢી સુધી પહોંચાડવા માટે પરિવારોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળે છે.

# સુરત જિલ્લામાં મેઘમહેર યથાવત

**બારડોલીમાં** 31, પલસાણામાં 24 મીમી વરસાદ

સુરત : સુરત જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. જિલ્લામાં આજે લગભગ તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને બારડોલી અને પલસાણા તાલુકામાં નોંધપાત્ર વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાવાની શક્યતા વચ્ચે તંત્ર પણ સતર્ક બન્યું છે. બીજી તરફ ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ છૂટાછવાયા વિસ્તારોમાં ધીમીધારે વરસાદ નોંધાતા ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે.

જિલ્લામાં આજે સૌથી વધુ 31 મીમી વરસાદ બારડોલીમાં નોંધાયો હતો. ત્યારબાદ પલસાણામાં 24 મીમી, ઓલપાડમાં 18 મીમી, ચોર્યાસીમાં 12 મીમી અને સુરત શહેર વિસ્તારમાં 11 મીમી વરસાદ નોંધાયો હતો. મહુવામાં 10 મીમી, અંબિકામાં 10 મીમી, માંડવીમાં 5 મીમી, અરેઠમાં 5 મીમી, ઉમરપાડામાં 4 મીમી અને કામરેજમાં 2 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે માંગરોળ તાલુકામાં વરસાદ નોંધાયો નહોતો. વરસાદી માહોલને કારણે વાતાવરણમાં ઠંડકનો અનુભવ થયો છે. સુરતમાં આજે મહત્તમ તાપમાન 28.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલ જેટલું જ રહ્યું છે. જોકે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. આજે લઘુત્તમ તાપમાન 23.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલની સરખામણીએ ત્રણ ડિગ્રી ઓછું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**સાપુતારા વિસ્તારમાં...**

પ્રકારના નાના-મોટા આંચકાઓ નોંધાતા રહે છે. જોકે આ ઘટનામાં કોઈ મોટા જાનમાલના નુકસાનના અહેવાલ નથી, છતાં પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી ડાંગ જિલ્લા આપદા પ્રબંધન તંત્ર અને સ્થાનિક પ્રશાસન સંપૂર્ણ અલર્ટ મોડ પર આવી ગયું છે. હવામાન વિભાગ અને તંત્ર દ્વારા સાપુતારામાં આવેલા પ્રવાસીઓ તેમજ સ્થાનિક રહીશોને સાવચેત રહેવા, અફવાઓથી દૂર રહેવા અને પ્રશાસનની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

**ડો. હર્ષ...**

ડોક્ટરોને કથિત રીતે આપવામાં આવતા માનસિક ત્રાસ સામે ફેકલ્ટી સમક્ષ રજૂઆત કરી ચૂક્યા હોવાની માહિતી સામે આવતા અનેક સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, માઈક્રોબાયોલોજી વિભાગમાં 9 રેસિડેન્ટ ડોક્ટરો સાથે કથિત રીતે રેગિંગ અને માનસિક ત્રાસ થતો હોવાના વિરોધમાં ડો. હર્ષ પંડ્યા પોતાના સાથી જુનિયર ડોક્ટરો સાથે આગળ આવ્યા હતા. સિનિયરોના વર્તન અંગે ફેકલ્ટી સમક્ષ રજૂઆત કરવામાં હર્ષે આગેવાની લીધી હતી અને સાથી ડોક્ટરોની મુશ્કેલીઓ અંગે અવાજ ઉઠાવ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે સૌથી મોટો સવાલ એ છે કે જ્યારે ડો. હર્ષ પોતે સિનિયરોના કથિત ત્રાસ અંગે ફેકલ્ટી સમક્ષ રજૂઆત કરી રહ્યો હતો, ત્યારે તપાસ અથવા રિપોર્ટમાં તેને ફરિયાદ ન કરી હોવાનો ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો? જો હર્ષે પોતાના સાથી 9 રેસિડેન્ટ ડોક્ટરો સાથે થતી કથિત રેગિંગના વિરોધમાં રજૂઆત કરી હતી, તો તેની રજૂઆતને સત્તાવાર રીતે કેવી રીતે નોંધવામાં આવી હતી અને તેના પર તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી હતી, તે હવે તપાસનો મહત્વપૂર્ણ મુદ્દો બની રહ્યો છે. સાથી જુનિયર ડોક્ટરો માટે અવાજ ઉઠાવનાર હર્ષની રજૂઆત બાદ પરિસ્થિતિમાં અપેક્ષિત સુધારો આવ્યો હતો કે નહીં, તેની પણ તપાસ જરૂરી બની છે. જો રજૂઆત કરવામાં આવી હતી તો તે સમયે ડીન, HOD અને સંબંધિત ફેકલ્ટી દ્વારા શું પગલાં લેવામાં આવ્યા હતા? ફરિયાદની તપાસ કરવામાં આવી હતી કે નહીં? અને જો તપાસ કરવામાં આવી હોય તો તેના તારણો શું હતા? આ સવાલોના જવાબો સમગ્ર કેસની હકીકત સામે લાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

**કમિટી રિપોર્ટ...**

ડીનની જવાબદારી સર્વોપરી બને છે. તેમા પણ મિડીયા સમક્ષ નિવેદન અંગે હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.પારૂલ વડગામાએ મિડીયાને માહિતી આપી હતી. સમગ્ર પ્રકરણમાં ડીન તપાસ કમિટીના વડા હોવા છતાં સુપ્રિન્ટેન્ડન્ટ પોતે આગળ આગળ આવીને નિવેદન તો આપી દીધા પરંતુ હવે તપાસ કમિટીના રિપોર્ટની માહિતી માંગતા તેમની પાસે કમિટીના તપાસની કોઈ માહિતી જ નથી. જો કમિટીના રિપોર્ટની માહિતી ન હોય તો તેમણે કમિટીમાં શું તપાસ કરી?, કદાચ એટલે જ ડીન બોલતા નથી અને સુપ્રિન્ટેન્ડન્ટ રિપોર્ટ વિશે જાણતા નથી.

**એન્ટિ-રેગિંગ...**

તેમ છતાં છેલ્લા ઘણા વર્ષોમાં રેગિંગ અંગે કમિટી દ્વારા કોઈ તપાસ કે કાર્યવાહી કરવામાં આવી હોવાનો રેકોર્ડ સામે આવ્યો નથી. આ ઉપરાંત એન્ટિ-રેગિંગ સ્ક્વોડમાં પણ 16 ડોક્ટરો સહિત કુલ 26 સભ્યોનો સમાવેશ થાય છે. તેમ છતાં રેગિંગની ફરિયાદો અને હવે ગંભીર ઘટનાના આક્ષેપો વચ્ચે કમિટીની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. 21 સભ્યોની કમિટી અને 26 સભ્યોની સ્ક્વોડ હોવા છતાં રેગિંગ રોકવામાં નિષ્ફળતા કેમ? હવે આ સવાલનો જવાબ આપવાની જવાબદારી મેડિકલ કોલેજના તંત્રની છે.

**છેલ્લા 10...**

ઊભા થયા છે. ઓગસ્ટ 2026માં PG માઇક્રોબાયોલોજીના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડો. હર્ષ પંડ્યાના હોસ્ટેલ રૂમમાંથી મૃતદેહ મળ્યા બાદ રેગિંગ અને માનસિક ત્રાસનો મુદ્દો સામે આવ્યો છે. છેલ્લા 10 વર્ષમાં નવી સિવિલમાં રેસિડેન્ટ ડોક્ટરોના આપઘાતના કેસોમાં એકેયમાં પણ તપાસ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. અને જો તપાસ થઈ હોય તો તપાસની માહિતી ફાઈલોમાં દબાવી દેવાઈ છે. હર્ષ પંડ્યા કેસને માત્ર એક અલગ-અલગ ઘટના તરીકે જોવાને બદલે છેલ્લા કેટલાક વર્ષોમાં નવી સિવિલના કેમ્પસમાં બનેલી રેસિડેન્ટ ડોક્ટરો સાથે સંકળાયેલી આપઘાત અને આપઘાતના પ્રયાસોની ઘટનાઓ પર પણ નજર નાખવાની જરૂરિયાત ઊભી થઈ છે. તબીબી વર્તુળોમાંથી મળતી માહિતીના આધારે આ ઘટનાઓમાં કામનું દબાણ, વ્યક્તિગત સમસ્યાઓ, સંબંધિત તણાવ, માનસિક સ્વાસ્થ્ય અને શૈક્ષણિક દબાણ જેવા જુદા-જુદા પરિબળો સામે આવ્યા છે. જોકે, દરેક ઘટનામાં એક જ કારણ હતું એવું કહેવું યોગ્ય નથી.

**2017નો ડો....**

સિનિયર ડોક્ટરો દ્વારા માનસિક તથા શારીરિક ત્રાસ અને કામના દબાણના આક્ષેપ કરવામાં આવ્યા હતા.

**2018માં જ મહિલા રેસિડેન્ટનો આપઘાતનો પ્રયાસ**

નવેમ્બર 2018માં મેડિસિન વિભાગની 24 વર્ષીય મહિલા રેસિડેન્ટ ડોક્ટરે નવી સિવિલના હોસ્ટેલ રૂમમાં ઊંઘની 30થી વધુ ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સમયસર સારવાર મળતા તેમનો જીવ બચ્યો હતો.

**2025: ડૉ. લોકેશ દેવાંગનો દુઃખદ અંત**

2025માં બેંગલુરુના રહેવાસી અને સુરત સરકારી મેડિકલ કોલેજમાં રેડિયોલોજીના બીજા વર્ષના PG વિદ્યાર્થી ડો. લોકેશ દેવાંગ હોસ્ટેલ રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. જાહેર અહેવાલો મુજબ પોલીસ તપાસ શરૂ કરવામાં આવી હતી અને ઘટનાના સંજોગોમાં વ્યક્તિગત તથા શૈક્ષણિક તણાવ સહિતના વિવિધ પાસાં તપાસવામાં આવ્યા હતા. આ કેસ ફરી એકવાર દર્શાવે છે કે માનસિક તકલીફના પ્રારંભિક સંકેતો ઓળખવા અને રેસિડેન્ટને ગોપનીય તથા સતત સારવાર-કાઉન્સેલિંગ સાથે જોડવા માટેની વ્યવસ્થા કેટલી જરૂરી છે.

**કાઉન્સેલિંગની વ્યવસ્થા છે, તો પછી તેનો લાભ કેટલો?**

અહીં એક મહત્વની બાબત સામે આવે છે. સરકારી મેડિકલ કોલેજ, સુરતના સત્તાવાર મનોચિકિત્સા વિભાગની વેબસાઇટ અનુસાર સંસ્થામાં 2009થી DASH (Distress and Suicide Prevention Help for Medical Students) પ્રોજેક્ટ ચાલી રહ્યું છે. તેમાં મેડિકલ વિદ્યાર્થીઓ માટે કાઉન્સેલિંગ, UG induction તથા પ્રથમ વર્ષના PG રેસિડેન્ટ માટે સ્ટ્રેસ અને રેસિડેન્ટ જીવનના પડકારો અંગેના કાર્યક્રમોનો ઉલ્લેખ છે. એટલે “કોઈ કાઉન્સેલિંગ વ્યવસ્થા જ નથી”એવો સીધો દાવો સત્તાવાર વેબસાઇટની માહિતી સાથે સુસંગત નથી. પરંતુ અહીં સવાલ વ્યવસ્થા હોવાનો નહીં, તે કેટલા અસરકારક રીતે અને કેટલા રેસિડેન્ટ સુધી પહોંચે છે તેનો છે.

**હવે કોલેજ તંત્રએ પાંચ સવાલોના જવાબ આપવા જોઈએ**

નવી સિવિલ અને સરકારી મેડિકલ કોલેજમાં અગાઉ બનેલી રેસિડેન્ટ સંબંધિત આપઘાતની દરેક ઘટનામાં:

1. શું સત્તાવાર તપાસ સમિતિ રચાઈ હતી?
2. સમિતિએ શું તારણ આપ્યું હતું?
3. કોઈ વ્યક્તિ કે વિભાગની જવાબદારી નક્કી થઈ હતી?
4. ઘટના બાદ રેસિડેન્ટ્સ માટે કયા કાઉન્સેલિંગ અથવા સિસ્ટમિક સુધારા કરવામાં આવ્યા?
5. અગાઉની ઘટનામાં કરવામાં આવેલી ભલામણોનો અમલ થયો કે નહીં?

આ પ્રશ્નોના જવાબ જાહેર થાય તો જ એ સ્પષ્ટ થશે કે દરેક દુઃખદ ઘટના પછી સંસ્થાએ માત્ર કાર્યવાહી કરી હતી કે ખરેખર સિસ્ટમમાં સુધારો પણ કર્યો હતો.

**ડીસીપી નકુમની...**

અગ્રવાલ અને જસ્ટીસ ડી.એન. રાયની ડિવીઝન બેન્ચે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જે સિનિયર અધિકારી સામે ગંભીર આક્ષેપો છે તે જ અધિકારી એ જ સ્થળે ફરજ પર રહેશે તો તેમની નીચેના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ નિષ્પક્ષ રીતે સાક્ષી તરીકે નિવેદન આપી શકશે નહીં. તેથી નિષ્પક્ષ તપાસ માટે સૌપ્રથમ ડીસીપીની બદલી કરવી જરૂરી છે.

સુનાવણી દરમિયાન સરકારી ધારાશસ્ત્રીએ કોર્ટને જણાવ્યું હતું કે, ડીજીપીના આદેશથી સુરત પોલીસ કમિશનર દ્વારા એડિશનલ સીપી ક્રાઈમને પ્રાથમિક તપાસ સોંપવામાં આવી છે અને ઘટનાના વીડિયો તથા તેમાં દેખાતા લોકોના નિવેદનો લેવામાં આવી રહ્યાં છે. સરકારે કોર્ટને વિનંતી કરી હતી કે હાલ કોઈ આદેશ કે નોંધ ન કરવામાં આવે અને સરકાર ગંભીરતા સમજીને જરૂરી કાયદાકીય તથા વહીવટી કાર્યવાહી કરશે.

આ રજૂઆત સંદર્ભે સામે હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, માત્ર પ્રાથમિક તપાસથી કામ નહીં ચાલે. ખંડપીઠે ટકોર કરી હતી કે, ઘટનાસ્થળે હાજર રહેલા પોલીસ કર્મચારીઓ સિનિયર અધિકારી સામે નિવેદન આપવાની સ્થિતિમાં નહીં હોય.

ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે, “તેઓ તેમની વિરુદ્ધ બોલશે નહીં. તેઓ ત્યાં હાજર હતા અને જો સિનિયર અધિકારી એ જ જગ્યાએ રહેશે તો તપાસ નિષ્પક્ષ રહી શકે નહીં.” કોર્ટે સરકારને કહ્યું હતું કે, પ્રાથમિક તપાસ ચાલુ રાખો, પરંતુ ડીસીપીને અન્યત્ર બદલી કરો.

**સરકારને ૨૧ ઓગસ્ટ સુધીમાં પગલાં લેવાની તાકીદ**

સરકારે હાલની તપાસ અને આગામી સમયમાં લેવાનારી વહીવટી તથા કાયદાકીય કાર્યવાહી અંગે કોર્ટને માહિતી આપવાની તૈયારી દર્શાવી હતી. સરકારી વકીલે કોર્ટને હાલના તબક્કે હુકમમાં કોઈ નોંધ ન કરવાની વિનંતી કરી હતી અને સરકાર આગામી સુનાવણી સુધીમાં યોગ્ય કાર્યવાહી કરશે તેવી ખાતરી આપી હતી. હાઈકોર્ટે આ રજૂઆતને ધ્યાને લઈ વધુ સુનાવણી આગામી ૨૧ ઓગસ્ટ સુધી મુલતવી રાખી છે. જોકે, તે પહેલાં ડીસીપી રાજદીપસિંહ નકુમની બદલી કરવાની બાબતે કોર્ટનું વલણ સ્પષ્ટ રહ્યું છે અને નિષ્પક્ષ તપાસ માટે આ પગલું જરૂરી હોવાનું ગુજરાત હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે ભારપૂર્વક જણાવ્યું છે.

**વાયરલ વીડિયોને કારણે પ્રકરણ વધુ ગંભીર બન્યું**

૧૩ જુલાઈના રોજ બનેલી આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ એડવોકેટ ઉત્કર્ષ દવેએ ચીફ જસ્ટિસને રજૂઆત કરી હતી. તેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે પોલીસ અધિકારીઓની હાજરી અને દેખરેખ હેઠળ હાથકડી પહેરાવાયેલા આરોપીઓને જાહેર રસ્તા પર ફેરવવામાં આવ્યા અને તેમની સાથે મારપીટ કરવામાં આવી છે.

**૨૦૧૯ના પરિપત્ર...**

બન્યો હતો અને તે સમયે જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું કોર્ટના ધ્યાન પર લાવવામાં આવ્યું હતું. આવી ઘટનાઓનું પુનરાવર્તન થતું હોવા અંગે પણ હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી. પરિપત્ર મુજબ આવી ગેરકાયદેસર કાર્યવાહી માટે ડીવાયએસપી, એસીપી, ડીસીપી, જેસીપી અને પોલીસ કમિશનર સુધીના અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવી છે.

**તિરંગા યાત્રા...**

નથી પહોંચી શકતા, બસો જઈ શકતી નથી અને લોકોને કઈ ઈમરજન્સી આવે તો શું કરવું?? લોકોની સ્ટેશન કે ફ્લાઈટ છૂટી જાય છે. આ વર્ષમાં 4 વાર આવું કરાય છે, જે અહીં રહે છે તેમને જ આ તકલીફની ખબર છે. આ રીતે તંત્રના અણઘડ આયોજન સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

**મણિપુરમાં નાગા સમુદાયના**

લિયાંગમાઈ નાગા ગામમાં પણ હુમલો થયો હતો, જેમાં 9 મકાનો સળગાવી દેવામાં આવ્યા હતા. સશસ્ત્ર લોકોએ ગોળીબાર કર્યા બાદ મોટાભાગે કાચા બાંધકામ ધરાવતા મકાનોને આગ ચાંપી હતી.

નાગા પીપલ્સ ફ્રન્ટના ધારાસભ્ય અવાંગબોઉ ન્યૂમાઈએ હોસ્પિટલમાં ઘાયલોની મુલાકાત લઈને તમામ સમુદાયોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. ANSAMના એક નેતાએ હુમલા માટે શંકાસ્પદ કુકી ઉગ્રવાદીઓને જવાબદાર ઠેરવ્યા હતા. લિયાંગમાઈ નાગા કાઉન્સિલે હત્યાની નિંદા કરીને રાજ્યના લિયાંગમાઈ નાગા વિસ્તારોમાં ‘ઇમર્જન્સી શટડાઉન’ની જાહેરાત કરી હતી.

ઇમ્ફાલ પશ્ચિમના કાંગલાટોંગબી વિસ્તારમાં વિરોધ પ્રદર્શન દરમિયાન લોકોએ ટાયર સળગાવી રસ્તાઓ પર પથ્થરો મૂક્યા હતા. મે 2023થી મણિપુરમાં મેઇતેઇ અને કુકી-ઝો સમુદાયો વચ્ચેના જાતિય સંઘર્ષમાં 260થી વધુ લોકોનાં મોત થયાં છે અને હજારો લોકો ઘરવિહોણા બન્યા છે.

**ભારતીયો, પાકિસ્તાનીઓ...**

ધરાવતા હતા. પ્યુ રિસર્ચે દર્શાવ્યું કે માત્ર ૧૨ ટકા પાકિસ્તાનીઓને જ વૈશ્વિક બાબતોમાં ડોનાલ્ડ ટ્રમ્પ યોગ્ય નિર્ણય લેશે તેવો વિશ્વાસ હતો, જ્યારે ૮૩ ટકા લોકો ચીનના પ્રમુખ શી જિનપિંગ વિશે આવો સમાન વિશ્વાસ ધરાવતા હતા. માત્ર ૨૩ ટકા ભારતીયો જ ચીનને સકારાત્મક રીતે જુએ છે, જ્યારે ૨૫ ટકા લોકોને શી જિનપિંગના વૈશ્વિક નેતૃત્વ પર ભરોસો છે. સર્વેક્ષણ કરાયેલા ૪૫ ટકા ભારતીયોએ અમેરિકાને સાનુકૂળ રીતે જોયું હતું, જ્યારે ૩૯ ટકા લોકોએ ટ્રમ્પમાં વધુ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. દક્ષિણ એશિયાના ચાર દેશો - ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં પુખ્ત વયના લોકો વચ્ચે કરાયેલા આ સર્વેક્ષણમાં અલગ-અલગ પરિણામો સામે આવ્યા છે.

**વિદ્યાર્થીઓને વિરોધ...**

આવ્યો હતો. BCIના પરિપત્રને પડકારતી અરજી પર તાકીદની સુનાવણી માટે રજૂઆત કરવામાં આવ્યા પછી મુખ્ય ન્યાયાધીશે કહ્યું, આ વિદ્યાર્થીઓ અને મારી વચ્ચેનો સંવાદ છે. આમાં હસ્તક્ષેપ કરનારા તેઓ (BCI) કોણ છે? આ બિલકુલ અયોગ્ય છે. તેમણે ઉમેર્યું કે “હું પોતે પણ મારા વિદ્યાર્થીકાળમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સંકળાયેલો હતો.”

ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને વી મોહનાનો સમાવેશ કરતી આ બેન્ચે NALSARને તેના વિદ્યાર્થીઓને વહેલી તકે એડવોકેટ તરીકે નોંધણી કરાવવા માટે કહેવા જણાવ્યું હતું અને કહ્યું હતું કે, અમે તેમને કાનૂની સહાયના કેસો માટેની પેનલમાં સામેલ કરીશું. આ પ્રીમિયર લો ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓના એક વર્ગે વાઈસ ચાન્સલર, રજિસ્ટ્રાર અને પ્રોફેસરોને પત્ર લખીને યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં, જેની તારીખ હજુ જાહેર કરવાની બાકી છે, CJI ને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવાના કોઈપણ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. આ બાબતને બે અઠવાડિયા પછી સુનાવણી માટે મુકવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે BCIને નોટિસ જારી કરીને સર્વોચ્ચ બાર બોડી દ્વારા જારી કરાયેલા પરિપત્રને પડકારતી અરજી પર બે અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

**વસ્તી ગણતરી...**

શરૂઆતમાં બહાર પાડવામાં આવેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, લડાખ અને જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ તથા ઉત્તરાખંડના બરફવર્ષાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં 1 થી 30 સપ્ટેમ્બર દરમિયાન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. તેમાં જણાવાયું છે કે, ઉપરોક્ત વસ્તી ગણતરીના સંચાલન માટે, ઘર-ઘર જઈને હાથ ધરાતી વસ્તી ગણતરી શરૂ થાય તે પહેલાં 17 થી 31 ઓગસ્ટ દરમિયાન સ્વ-નોંધણીનો વિકલ્પ રહેશે. દેશના બાકીના ભાગોમાં વસ્તીની નોંધણી આગામી વર્ષે શરૂ થશે. વસ્તી ગણતરીના ભાગરૂપે જાતિની વિગતો એકત્ર કરવામાં આવશે તેવું આ પહેલીવાર બનશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રશ્નાવલીમાં જાતિઓની યાદી હોવાની શક્યતા નથી, અને ઉત્તરદાતાઓ દ્વારા જણાવ્યા મુજબ જ જવાબો નોંધવામાં આવશે. જાતિ ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય ગયા વર્ષે 30 એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો. વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી સંપૂર્ણપણે ડિજિટલ પ્રક્રિયા હશે.

**કયા પ્રકારના પ્રશ્નો...**

વર્તમાન લગ્નથી થયેલા બાળકોની સંખ્યા અને છેલ્લા એક વર્ષમાં જીવિત જન્મેલા બાળકોની સંખ્યા વિશે પૂછવામાં આવશે. તેમાં જણાવાયું છે કે, ઉત્તરદાતાઓને કોવિડ-19 રસીકરણનું સ્થળ, કુલ બેંક ખાતાઓની સંખ્યા, મોબાઇલ નંબર, આધાર નંબર, વોટર આઈડી નંબર, પાસપોર્ટ નંબર અને તેમની પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ છે કે કેમ તે વિશે પણ પૂછવામાં આવશે.

**હોર્મુઝમાંથી પસાર...**

વહેલી સવારે દક્ષિણ-પશ્ચિમ યમનમાં હુથીના હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતા. જ્યારે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ અને વાટાઘાટકાર જેરેડ કુશ્નર ગાઝામાં સંઘર્ષનો અંત લાવવાની યોજનાઓને આગળ ધપાવવા આવતા અઠવાડિયે મધ્ય પૂર્વની યાત્રા કરશે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી એક સંધિ ઈઝરાયેલના વિરોધનો સામનો કરી રહી છે, ત્યાર બાદ આ નિર્ણય લેવાયો છે.

**જે.પી. નડ્ડાને...**

કોરોનરી એન્જિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. હોસ્પિટલના નિવેદનમાં જણાવાયું છે કે નડ્ડાની અસ્વસ્થતાને ધ્યાનમાં રાખીને વિવિધ તપાસ કરવામાં આવી હતી, જેમાં કોરોનરી એન્જિયોગ્રાફીનો પણ સમાવેશ થાય છે. હાલમાં તેમની સ્થિતિ સ્થિર છે અને તેમને એઈમ્સના કાર્ડિયોલોજી વિભાગમાં નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. હોસ્પિટલના જણાવ્યા અનુસાર, તબીબી ટીમ તેમના સ્વાસ્થ્ય પર સતત નજર રાખી રહી છે. હાલ તેમની સ્થિતિને લઈને કોઈ ગંભીર બાબતની જાણ કરવામાં આવી નથી.


**૪૮ મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**




સ્વ. શ્રી જેકીશનદાસ આદીતરામ જરીવાલા
સ્વર્ગવાસ શ્રાવણ સુદ ૪ સં. ૨૦૩૪ (તા. ૮-૮-૭૮)

સ્વજનો વચ્ચેની ચીર વિદાય અને દેવલોક સિધાયાને આજે ૪૮ વર્ષ પૂરા થયા છતાં આપના સ્નેહભાવી ઉમદાસ્વભાવ, કુટુંબ અને સ્નેહીઓ પ્રત્યેની સુમેળ સદ્‌ભાવના તથા સુયોગ્ય આદર્શ વિચારોની છાયા હેઠળ આજે પણ હમોને આપની હાજરી વર્તાય છે અને એ જ સ્મૃતિઓને યાદ કરી હમો સર્વે કુટુંબીજનો આપને શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લિ. સ્વ. ગૌરીબેન જેકીશનદાસ જરીવાલા
સ્વ. કમળાબેન ઈશ્વરલાલ જરીવાલા
પ્રબીર, વિહાના, પ્રણય, ભવ્યાંશી, રાધા, ધનેશકુમાર,
રૂચીતા, ગૌરવ, અંબીકા, જીજ્ઞેશ, કૈલાશ, રણધીર.
જેકીશનદાસ આદીતરામ જરીવાલા પરિવાર

**અનાવિલ અવસાન**



સ્વ. સુમંતરાય પરાગજી દેસાઈ
સ્વ. તા. 12/08/2026

દીલગીરી સહ જણાવવાનું કે મારા પતિ/પિતા શ્રી સુમંતરાય પરાગજી દેસાઈ, તલોધ, તા.12-08-2026ને બુધવારે દેવલોક પામ્યા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા.17-08-2026ને સોમવારના રોજ બપોરે 4 થી 6 દરમ્યાન અનાવિલ વાડી, નૂતન પાર્ક સોસાયટી, બીલીમોરા ખાતે રાખવામાં આવ્યું છે.

લૌકિક રિવાજ સદંતર બંધ છે.

પ્રેમાળ સ્મૃતિમાં...
ગં.સ્વ.ભારતીબેન સુમંતરાય દેસાઈ (પત્ની)
ડો.નીલ સુમંતરાય દેસાઈ (પુત્ર) • નિપુણ સુમંતરાય દેસાઈ (પુત્ર)
સ્વાતિ ચેતનભાઈ નાયક (પુત્રી) • ચેતનભાઈ કિશોરચંદ્ર નાયક (જમાઈ)
અમરતભાઈ પરાગજી દેસાઈ (ભાઈ) • ગીરીશભાઈ પરાગજી દેસાઈ (ભાઈ)
ખનક ચેતનભાઈ નાયક (દોહિત્રી)
સ્વ.પરાગજી ગોપાળજી દેસાઈ પરિવાર

શ્વસુર પક્ષ : મુકેશચંદ્ર નાનુભાઈ દેસાઈ (ભાઈ)
સ્વ.સતિષભાઈ નાનુભાઈ દેસાઈ (ભાઈ) • કૌશિકભાઈ નાનુભાઈ દેસાઈ (ભાઈ)
મુ.પો.વડોદરા